અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૨૮

- : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

[hajinajitrust@gmail.com](mailto:hajinajitrust@gmail.com)

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૫૮ | સૂરએ મુજાદેલહ (આયત ૧ થી ૨૨) | ૫ |
| ૫૯ | સૂરએ હશ્ર (આયત ૧ થી ૨૪) | ૨૬ |
| ૬૦ | સૂરએ મુમ્તહેના (આયત ૧ થી ૧૩) | ૪૬ |
| ૬૧ | સૂરએ સફ (આયત ૧ થી ૧૪) | ૬૨ |
| ૬૨ | સૂરએ જુમ્આ (આયત ૧ થી ૧૧) | ૭૨ |
| ૬૩ | સૂરએ મુનાફેકુન | ૮૦ |

| | | |
|---|---|---|
| | (આયત ૧ થી ૧૧) | |
| ૬૪ | સૂરએ તગાબુન (આયત ૧ થી ૧૮) | ૮૮ |
| ૬૫ | સૂરએ તલાક (આયત ૧ થી ૧૨) | ૧૦૦ |
| ૬૬ | સૂરએ તહરીમ (આયત ૧ થી ૧૨) | ૧૧૨ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

قَدۡ سَمِعَ اللّٰهُ قَوۡلَ الَّتِىۡ تُجَادِلُكَ فِىۡ زَوۡجِهَا وَتَشۡتَكِىۡۤ اِلَى اللّٰهِ ‌ۖ
وَاللّٰهُ يَسۡمَعُ تَحَاوُرَكُمَا ‌ؕ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ ۢ بَصِيۡرٌ‏ ①

(૧) (અય રસૂલ !) ખરેખરજ અલ્લાહે તેણીની વાત સાંભળી કે જે તારી સાથે પોતાના પતિના સંબંધમાં વાદવિવાદ અને અલ્લાહની હજૂરમાં શિકાયત કરે છે; અને અલ્લાહ તમો બન્નેની વાતચીત સાંભળતો હતો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર અને જોનારો છે.

اَلَّذِيْنَ يُظٰهِرُوْنَ مِنْكُمْ مِّنْ نِّسَآىِٕهِمْ مَّا هُنَّ اُمَّهٰتِهِمْ ؕ اِنْ
اُمَّهٰتُهُمْ اِلَّا الّٰٓـِٔيْ وَلَدْنَهُمْ ؕ وَاِنَّهُمْ لَيَقُوْلُوْنَ مُنْكَرًا مِّنَ
الْقَوْلِ وَزُوْرًا ؕ وَاِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوْرٌ ۝٢

(૨) તમારામાંથી જે લોકો પોતાની સ્ત્રીઓને (મા કહી) કાઢી મૂકે છે તો તેણીઓ તેમની માઓ થઇ જતી નથી; તેમની માઓ તો કેવળ તેજ છે કે જેમણે તેમને જન્મ આપ્યો છે; અને તેમ કહેનારા ખરેખરજ અઘટીત અને જૂઠું બકે છે; અને અલ્લાહ અવશ્ય મોટો ક્ષમાવાન (અને) બક્ષનારો છે.

وَالَّذِيۡنَ يُظٰهِرُوۡنَ مِنۡ نِّسَآٮِٕهِمۡ ثُمَّ يَعُوۡدُوۡنَ لِمَا قَالُوۡا
فَتَحۡرِيۡرُ رَقَبَةٍ مِّنۡ قَبۡلِ اَنۡ يَّتَمَآسَّا ؕ ذٰلِكُمۡ تُوۡعَظُوۡنَ بِهٖ ؕ
وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرٌ‏ ﴿۳﴾

(3) અને તમારામાંથી જે લોકો પોતાની પત્નીઓને મા કહી કાઢી મૂકે, પછી તેઓ જે કાંઇ કહી ચૂક્યા છે તે પાછું ખેંચી લેવા માંગે તો તેમને એ પહેલાં કે તેઓ એકબીજાને સ્પર્શ કરે એક ગુલામ આઝાદ કરવો અનિવાર્ય છે; આ ઉપદેશ તમને (એ માટે) કરવામાં આવે છે (કે તમે તે પ્રમાણે ચાલો); અને જે કાંઇ પણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

فَمَنۡ لَّمۡ يَجِدۡ فَصِيَامُ شَهۡرَيۡنِ مُتَتَابِعَيۡنِ مِنۡ قَبۡلِ اَنۡ

يَّتَمَآسَّا ۚ فَمَنۡ لَّمۡ يَسۡتَطِعۡ فَاِطۡعَامُ سِتِّيۡنَ مِسۡكِيۡنًا ؕ ذٰلِكَ

لِتُؤۡمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ ؕ وَلِلۡكٰفِرِيۡنَ

عَذَابٌ اَلِيۡمٌ ﴿۴﴾

(૪) પછી જેને આ (ગુલામ આઝાદ કરવાનું) બની ન શકે તો એકબીજાને સ્પર્શ કરતા પહેલાં (પુરૂષના માથે) સતત બે માસના રોઝા રાખવાના છે; પછી જેને આ (રોઝા રાખવાનું પણ) બની ન શકે તો (તેના માટે) સાઠ મિસ્કીનોને ખાવાનું ખવડાવવાનું છે; આ એ માટે કે તમે અલ્લાહ તથા તેના રસૂલ પર ઇમાન લાવો; અને આ અલ્લાહની

(નિશ્ચિત) હદો છે; અને તે નહિ માનનારાઓ માટે દુ:ખદાયક અઝાબ છે.

إِنَّ الَّذِينَ يُحَآدُّونَ اللّٰهَ وَرَسُولَهُۥ كُبِتُوا۟ كَمَا كُبِتَ الَّذِينَ مِن قَبْلِهِمْ ۚ وَقَدْ أَنزَلْنَآ ءَايَٰتٍۭ بَيِّنَٰتٍ ۚ وَلِلْكَٰفِرِينَ عَذَابٌ مُّهِينٌ ﴿٥﴾

(૫) બેશક જે લોકો અલ્લાહ તથા તેના રસૂલની વિરૂદ્ધતા કરે છે તેઓ એવીજ રીતે ઝલીલ કરવામાં આવશે જેવા કે તેમના પહેલાના લોકો ઝલીલ કરવામાં આવ્યા હતા, અને અમો (ખુલ્લે) ખુલ્લી નિશાનીઓ ઉતારી ચૂક્યા છીએ; અને તે નહિ માનનારાઓ માટે હીણપતભર્યો અઝાબ છે.

يَوۡمَ يَبۡعَثُهُمُ اللّٰهُ جَمِيۡعًا فَيُنَبِّئُهُمۡ بِمَا عَمِلُوۡا ؕ اَحۡصٰىهُ اللّٰهُ

وَنَسُوۡهُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ شَهِيۡدٌ ۝٦

(૬) તે દિવસે અલ્લાહ તેઓ સર્વેને પાછા ઉઠાડશે, પછી તેમણે જે કાંઇ કર્યું હશે તેનાથી તેમને વાકેફ કરશે; અલ્લાહે તો તેમના કર્મોની ગણતરી કરી લીધી છે પણ આ (લોકો) તે (કર્મો)ને ભૂલી ગયા છે; અને અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ يَعۡلَمُ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ ؕ مَا

يَكُوۡنُ مِنۡ نَّجۡوٰى ثَلٰثَةٍ اِلَّا هُوَ رَابِعُهُمۡ وَلَا خَمۡسَةٍ اِلَّا

هُوَ سَادِسُهُمۡ وَلَاۤ اَدۡنٰى مِنۡ ذٰلِكَ وَلَاۤ اَكۡثَرَ اِلَّا هُوَ مَعَهُمۡ اَيۡنَ

مَا كَانُوْا ۚ ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ
شَیْءٍ عَلِیْمٌ ۝۷

(૭) શું તું નથી જોતો કે અલ્લાહ જે કાંઇ આસમાનોમાં છે તેને જાણે છે અને જે કાંઇ જમીનમાં છે તેને પણ? કોઇ પણ ત્રણ જણાં વચ્ચે ખાનગી સલાહ થતી નથી કે જે માંનો ચોથો તે (અલ્લાહ) ન હોય, તેમ પાંચ (જણાં વચ્ચેની સલાહ પણ એવી) નથી હોતી કે તેઓ માંનો છઠ્ઠો તે (અલ્લાહ) ન હોય, અને ન તે કરતાં ઓછા હોય કે વધારે, જ્યાં હોય તેમની સાથે અલ્લાહ પણ (અવશ્ય) હોય છે; પછી તેઓ જે કાંઇ કરી ચૂક્યા છે

તે તેમને કયામતના દિવસે જણાવી દેશે; બેશક અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ نُهُوۡا عَنِ النَّجۡوٰى ثُمَّ يَعُوۡدُوۡنَ لِمَا نُهُوۡا عَنۡهُ وَيَتَنٰجَوۡنَ بِالۡاِثۡمِ وَالۡعُدۡوَانِ وَمَعۡصِيَتِ الرَّسُوۡلِ وَاِذَا جَآءُوۡكَ حَيَّوۡكَ بِمَا لَمۡ يُحَيِّكَ بِهِ اللّٰهُ ۙ وَيَقُوۡلُوۡنَ فِىۡۤ اَنۡفُسِهِمۡ لَوۡلَا يُعَذِّبُنَا اللّٰهُ بِمَا نَقُوۡلُ ؕ حَسۡبُهُمۡ جَهَنَّمُ ۚ يَصۡلَوۡنَهَا ۚ فَبِئۡسَ الۡمَصِيۡرُ ۝٨

(૮) શું તેં તે લોકોને નથી જોયા કે જેમને ખાનગી સલાહ કરતા રોકવામાં આવ્યા હતા? છતાં જે વાતની મનાઇ કરવામાં આવી હતી એજ કરે છે, અને તેઓ જે ખાનગી સલાહ કરે છે તે ગુનાહ

તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની (ની બાબત)માં કરે છે, અને (અય રસૂલ !) જ્યારે તેઓ તારી પાસે આવે છે ત્યારે તને એવી રીતે સલામ કરે છે કે જેવી સલામ તને અલ્લાહે કરી નથી, અને પોતાના મનમાં એમ કહે છે કે (જો તે ખરો પયગમ્બર હોય તો) અમે જે કાંઇ (અઘટીત) બોલીએ છીએ તેના બદલામાં અલ્લાહ અમને શિક્ષા કેમ કરતો નથી? (પરંતુ) તેમના માટે જહન્નમ પૂરતી છે, જેમાં તેઓ (ખરેખરજ) જશે, અને તે ઘણું જ બૂરૂં ઠેકાણું છે.

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا تَنَاجَيۡتُمۡ فَلَا تَتَنَاجَوۡا بِالۡاِثۡمِ
وَالۡعُدۡوَانِ وَمَعۡصِيَتِ الرَّسُوۡلِ وَتَنَاجَوۡا بِالۡبِرِّ وَالتَّقۡوٰى ؕ
وَاتَّقُوا اللّٰهَ الَّذِىۡۤ اِلَيۡهِ تُحۡشَرُوۡنَ ⑨

(૯) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે ખાનગીમાં સલાહ કરો તો ગુનાહ તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની (ના સંબંધ)માં સલાહ ન કરો, પણ નેકી તથા પરહેઝગારીના સંબંધમાં સલાહ કરો, અને તે અલ્લાહથી ડરો કે જેની હજૂરમાં તમે એકઠાં કરવામાં આવશો.

اِنَّمَا النَّجْوٰى مِنَ الشَّيْطٰنِ لِيَحْزُنَ الَّذِيْنَ اٰمَنُوْا وَلَيْسَ
بِضَآرِّهِمْ شَيْـًٔا اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ۝۱۰

(૧૦) (બૂરા કામોના સંબંધમાં) છુપી સલાહ કરવી (એ) શેતાની કૃત્ય સિવાય બીજું કાંઇ નથી કે જેથી તે મોઅમીનોને ખેદ ઉપજાવે, જો કે અલ્લાહની મરજી સિવાય તે (શેતાન) તેમને કાંઇ હાનિ પહોંચાડી શકતો નથી; અને મોઅમીનોએ કેવળ અલ્લાહ ઉપર જ તવક્કલ કરવો જોઇએ.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا قِيْلَ لَكُمْ تَفَسَّحُوْا فِى الْمَجٰلِسِ
فَافْسَحُوْا يَفْسَحِ اللّٰهُ لَكُمْ ۚ وَاِذَا قِيْلَ انْشُزُوْا فَانْشُزُوْا

يَرۡفَعِ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ ۙ وَالَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ
دَرَجٰتٍ ؕ وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرٌ ﴿۱۱﴾

(૧૧) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમને તમારા જલસાઓમાં છુટા છુટા બેસવાનું કહેવામાં આવે તો તમે છુટા (થઇ) બેસો, અલ્લાહ પણ તમને વિશાળતા આપશે, અને જ્યારે તમને ઉભા થવાનું કહેવામાં આવે તો ઉઠીને ઉભા થજો, અલ્લાહ તે લોકો કે જેઓ તમારામાંથી ઇમાન લાવ્યા છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે તેમના દરજ્જા વધારશે; અને તમે જે કાંઇ પણ વર્તન કરો છો તેનાથી અલ્લાહ જાણકાર છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا نَاجَيۡتُمُ الرَّسُوۡلَ فَقَدِّمُوۡا بَيۡنَ يَدَىۡ
نَجۡوٰٮكُمۡ صَدَقَةً ‌ؕ ذٰ لِكَ خَيۡرٌ لَّـكُمۡ وَاَطۡهَرُ‌ ؕ فَاِنۡ لَّمۡ تَجِدُوۡا
فَاِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ‏ ﴿۱۲﴾

(૧૨) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે રસૂલ સાથે કોઇ ખાનગી વાત કરવા ચાહો તો તે ખાનગી વાત કરવા પહેલાં કાંઇ દાનધર્મ કરો; આ તમારા માટે બહેતર છે તેમ વધારે પવિત્ર કરનાર પણ છે; પણ જો તેમ કરવાની તમને પહોંચ ન હોય તો ખરેજ અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

ءَاَشۡفَقۡتُمۡ اَنۡ تُقَدِّمُوۡا بَيۡنَ يَدَىۡ نَجۡوٰٮكُمۡ صَدَقٰتٍ‌ؕ فَاِذۡ لَمۡ
تَفۡعَلُوۡا وَتَابَ اللّٰهُ عَلَيۡكُمۡ فَاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ
وَاَطِيۡعُوا اللّٰهَ وَرَسُوۡلَهٗ‌ ؕ وَاللّٰهُ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۳﴾

(૧૩) શું તમે (રસૂલ સાથે) એકાંતમાં વાત કરવા પહેલાં કાંઇ દાન આપવા(ના હુકમ)થી ડરી ગયા? હવે જો તમે એમ નથી કરતા તો અલ્લાહે પણ તમને માફ કરી દીધા છે, જેથી હવે (નિયમીત રીતે) નમાઝ પઢતા રહો તથા ઝકાત આપતા રહો અને અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરતા રહો; અને જે કરણી પણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ تَوَلَّوۡا قَوۡمًا غَضِبَ اللّٰهُ عَلَيۡهِمۡ ؕ مَا هُمۡ
مِّنۡكُمۡ وَلَا مِنۡهُمۡ ۙ وَيَحۡلِفُوۡنَ عَلَى الۡكَذِبِ وَهُمۡ يَعۡلَمُوۡنَ ﴿۱۴﴾

(૧૪) શું તેં તેમના તરફ ધ્યાન નથી આપ્યું કે જે એવા લોકોથી દોસ્તી રાખે છે કે જેમના પર અલ્લાહ કોપાયમાન થયો છે ? (જેથી હવે) તેઓ ન તમારામાંથી છે અને તેમનામાંથી, અને તેઓ જાણી જોઇને જૂઠી જૂઠી વાતો પર પ્રતિજ્ઞા લેતા રહે છે.

اَعَدَّ اللّٰهُ لَهُمۡ عَذَابًا شَدِيۡدًا ؕ اِنَّهُمۡ سَآءَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۵﴾

(૧૫) અલ્લાહે તેમના માટે સખત અઝાબ તૈયાર કર્યો છે; જે કરણી તેઓ કરે છે તે બેશક ઘણી ખરાબ છે.

اِتَّخَذُوْٓا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ فَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿١٦﴾

(૧૬) તેઓ પોતાની પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવે છે અને લોકોને રાહે રાસ્તથી અટકાવે છે, જેથી તેના માટે હીણપતભર્યો અઝાબ છે.

لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ؕ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿١٧﴾

(૧૭) અલ્લાહ (ના અઝાબ)થી બચાવવાને ન તેમની સંપત્તિ જરાય કામ લાગશે ન તેમની સંતતિ, તેઓજ જહન્નમી છે; તેઓ તેમાં સદાના રહેવાસી થશે.

يَوْمَ يَبْعَثُهُمُ اللّٰهُ جَمِيْعًا فَيَحْلِفُوْنَ لَهٗ كَمَا يَحْلِفُوْنَ لَكُمْ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ عَلٰى شَیْءٍ ؕ اَلَاۤ اِنَّهُمْ هُمُ الْكٰذِبُوْنَ ⑱

(૧૮) જે દિવસે અલ્લાહ તેમને એક સાથે ઉઠાડશે ત્યારે આ (લોકો) તેની સામે પણ એવીજ રીતે સોગંદ ખાશે જેવી કે તમારી સામે સોગંદ ખાય છે અને એવું ગુમાન કરે છે કે તેઓ પણ કાંઇક છે; ખબરદાર! એ લોકો જૂઠા જ છે.

اِسۡتَحۡوَذَ عَلَيۡهِمُ الشَّيۡطٰنُ فَاَنۡسٰهُمۡ ذِكۡرَ اللّٰهِ ؕ اُولٰٓـئِكَ
حِزۡبُ الشَّيۡطٰنِ ؕ اَلَاۤ اِنَّ حِزۡبَ الشَّيۡطٰنِ هُمُ الۡخٰسِرُوۡنَ ﴿۱۹﴾

(૧૯) શેતાને તેમના પર પ્રબળતા મેળવી છે, જેથી તેમને અલ્લાહની યાદ વીસરાવી દીધી છે; તેઓ શેતાનનું ટોળું છે; ખબરદાર રહો ! બેશક શેતાનનું ટોળું એ જ તો હાનિ ભોગવનારૂં છે.

اِنَّ الَّذِيۡنَ يُحَآدُّوۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗۤ اُولٰٓـئِكَ فِى الۡاَذَلِّيۡنَ ﴿۲۰﴾

(૨૦) બેશક જે લોકો અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરે છે ઝલીલોમાં સૌથી વધુ (ઝલીલ) તેઓજ છે.

كَتَبَ اللّٰهُ لَاَغۡلِبَنَّ اَنَا وَرُسُلِىۡ ؕ اِنَّ اللّٰهَ قَوِىٌّ عَزِيۡزٌ ﴿۲۱﴾

(૨૧) અલ્લાહ આ (પ્રથમથી જ) લખી ચૂક્યો છે કે હું તથા મારા રસૂલો અવશ્ય પ્રબળ રહીશું; બેશક અલ્લાહ મહા શક્તિવાન (અને) ઝબરદસ્ત છે.

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ
اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ
عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ
بِرُوْحٍ مِّنْهُ ؕ وَيُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ؕ اُولٰٓئِكَ حِزْبُ
اللّٰهِ ؕ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٢٢﴾

(૨૨) જે લોકો અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખે છે તેમને તું એવા લોકો સાથે મિત્રતા રાખતા નહિ જુએ કે જેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી હોય, (પછી ભલેને) તેઓ તેમનાં બાપદાદા હોય અથવા તેમના પુત્ર પૌત્ર, અથવા તેમના ભાઇ ભાંડુ અથવા તેમના સગાં સંબંધીઓ; એજ તે લોકો છે કે જેમનાં મનમાં અલ્લાહે ઇમાન લખી દીધું છે, અને પોતાની પ્રેરણા વડે તેમને સબળ બનાવ્યા છે; અને તેમને એવી જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નહેરો વહેતી હશે; હંમેશ (માટે) તેમાંજ રહેનારા થશે; અલ્લાહ તેમનાથી રાજી થઇ ગયો અને તેઓ તેનાથી રાજી

થઇ ગયા; એજ અલ્લાહનું ટોળું છે; ખબરદાર રહો ! અલ્લાહનું ટોળું એજ સફળતા મેળવનારૂં છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

سَبَّحَ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الۡاَرۡضِ ۚ وَهُوَالۡعَزِیۡزُ الۡحَکِیۡمُ ①

(૧) જે કાંઇ આસમાનોમાં અને જે કાંઇ જમીનમાં છે તે (સર્વે) અલ્લાહના વખાણ કરે છે, અને તે (અલ્લાહ) પ્રબળ (અને) હિકમતવાળો છે.

هُوَالَّذِیۡۤ اَخۡرَجَ الَّذِیۡنَ کَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡکِتٰبِ مِنۡ دِیَارِهِمۡ لِاَوَّلِ الۡحَشۡرِ ؕؔ مَا ظَنَنۡتُمۡ اَنۡ یَّخۡرُجُوۡا وَظَنُّوۡۤا اَنَّهُمۡ

مَّانِعَتُهُمْ حُصُوْنُهُمْ مِّنَ اللّٰهِ فَاَتٰىهُمُ اللّٰهُ مِنْ حَيْثُ لَمْ
يَحْتَسِبُوْا ۗ وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ الرُّعْبَ يُخْرِبُوْنَ بُيُوْتَهُمْ
بِاَيْدِيْهِمْ وَاَيْدِي الْمُؤْمِنِيْنَ ۗ فَاعْتَبِرُوْا يٰٓاُولِي الْاَبْصَارِ ②

(૨) તે (અલ્લાહ) એ જ છે કે જેણે કિતાબ વાળાઓમાંથી જેઓ નાસ્તિક થઇ ગયા હતા તેમને તેમના ઘરોમાંથી બહાર કાઢી મૂક્યા, (અને) આ તેમનો પહેલો સ્વદેશ ત્યાગ હતો; તેમને એવું ગુમાન ન હતું કે તેઓ નીકળી જશે, અને તેમને ખાત્રી હતી કે તેમના કિલ્લા તેમને અલ્લાહના અઝાબથી (જરૂર) બચાવી લેશે, પરંતુ અલ્લાહનો (અઝાબ) તેમના ઉપર એવા સ્થળેથી આવ્યો કે

(જ્યાંથી આવવાનું) તેમને ગુમાન પણ ન હતું, અને તેણે તેમના દિલો પર એવો પ્રભાવ પાડી દીધો કે તેઓ પોતાના ઘરોને પોતાના જ હાથો વડે તથા મોઅમીનોના હાથો વડે પાયમાલ કરી રહ્યા હતા; માટે અય આંખોવાળાઓ! (તે ઉપરથી) નસીહત લો.

وَلَوۡلَاۤ اَنۡ کَتَبَ اللّٰہُ عَلَیۡہِمُ الۡجَلَآءَ لَعَذَّبَہُمۡ فِی الدُّنۡیَا ؕ وَلَہُمۡ فِی الۡاٰخِرَۃِ عَذَابُ النَّارِ ﴿۳﴾

(3) અને જો અલ્લાહે તેમની દેશનિકાલની શિક્ષા લખી દીધી ન હોત તો તેમને આ જગતમાં પણ જરૂર અઝાબ આપ્યો હોત, અને આખેરતમાં તો તેમના માટે દોઝખનો અઝાબ છેજ.

ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا اللّٰهَ وَرَسُوْلَهٗ ۚ وَمَنْ يُّشَآقِّ اللّٰهَ فَاِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿۴﴾

(૪) આ એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી, અને જે અલ્લાહની વિરૂધ્ધતા કરશે તો બેશક અલ્લાહ પણ સખ્ત અઝાબ આપનારો છે.

مَا قَطَعْتُمْ مِّنْ لِّيْنَةٍ اَوْ تَرَكْتُمُوْهَا قَآئِمَةً عَلٰٓى اُصُوْلِهَا فَبِاِذْنِ اللّٰهِ وَلِيُخْزِيَ الْفٰسِقِيْنَ ﴿۵﴾

(૫) (અય મોઅમીનો !) ઉમદા ખજૂરના વૃક્ષમાંથી જે (વૃક્ષ) તમોએ કાપી નાખ્યું અથવા જે (વૃક્ષ)ને તેના મૂળ પર ઉભું રહેવા દીધું તો તે અલ્લાહના

હુકમથી હતું; અને (તે) આ માટે હતું કે નાફરમાનોને તે ઝલીલ કરે.

وَمَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْهُمْ فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَّلَا رِكَابٍ وَّلٰكِنَّ اللّٰهَ يُسَلِّطُ رُسُلَهٗ عَلٰى مَنْ يَّشَآءُ ۭ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٦

(૬) અને જે માલ અલ્લાહે પોતાના રસૂલને તેમની પાસેથી (વગર લડયે) અપાવ્યો છે (તેમાં તમારો હક નથી), કારણ કે તેના પર તમોએ ન ઘોડા દોડાવ્યા હતા ન ઊંટ; પરંતુ અલ્લાહ પોતાના રસૂલોને જેના પર ચાહે છે સત્તાવાન કરી દે છે;

અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْ اَهْلِ الْقُرٰى فَلِلّٰهِ وَلِلرَّسُوْلِ
وَلِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ ۙ كَىْ لَا
يَكُوْنَ دُوْلَةًۢ بَيْنَ الْاَغْنِيَآءِ مِنْكُمْ ؕ وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ
فَخُذُوْهُ ۚ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ
شَدِيْدُ الْعِقَابِ ۘ ⑦

(૭) અલ્લાહે શહેરવાળાઓનો જે માલ પોતાના રસૂલને જેહાદ વિના અપાવ્યો છે તે અલ્લાહ અને (તેના) રસૂલનો છે, તથા રસૂલના સગાઓનો તથા (તેમનાં) યતીમો તથા મિસ્કીનોનો તથા

મુસાફરોનો છે કે જેથી તે માલ હેરફેર થતાં થતાં (છેવટે) તમારા માંના શ્રીમંતોના હાથમાં જઇને રહે નહિ, અને રસૂલ તમને જે કાંઇ આપે તે લો; અને જેનાથી તમને મના કરે તેનાથી અટકો, અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનારો છે.

لِلۡفُقَرَآءِ الۡمُهٰجِرِيۡنَ الَّذِيۡنَ اُخۡرِجُوۡا مِنۡ دِيَارِهِمۡ وَاَمۡوَالِهِمۡ يَبۡتَغُوۡنَ فَضۡلًا مِّنَ اللّٰهِ وَرِضۡوَانًا وَّيَنۡصُرُوۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗ ؕ اُولٰٓـئِكَ هُمُ الصّٰدِقُوۡنَ ۚ‏ ﴿۸﴾

(૮) વળી (આ ગનીમતના માલમાં) હિજરત કરનારાઓમાંથી તે હાજતમંદોનો પણ હક છે કે

જેણે તેમના ઘરોથી કાઢી મૂકાયા છે, અને પોતાના માલ (મિલ્કત)થી પણ (વિખૂટા પાડવામાં આવ્યા છે તો પણ) અલ્લાહની મહેરબાની અને તેની ખુશીના અભિલાષી છે, અને અલ્લાહ તથા તેના રસૂલની સહાય કર્યે જાય છે; તેઓજ સાચા (મુસ્લિમો) છે.

وَالَّذِيْنَ تَبَوَّؤُ الدَّارَ وَالْاِيْمَانَ مِنْ قَبْلِهِمْ يُحِبُّوْنَ مَنْ هَاجَرَ
اِلَيْهِمْ وَلَا يَجِدُوْنَ فِيْ صُدُوْرِهِمْ حَاجَةً مِّمَّآ اُوْتُوْا وَيُؤْثِرُوْنَ
عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ۗ وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ
فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۚ﴿٩﴾

(૯) અને (તેમનો પણ હક છે કે) તે હિજરત કરનારાઓની અગાઉ તે (હિજરતના) સ્થાન (મદીના)માં રહી ઇમાન પર કાયમ રહ્યા અને તેમની તરફ જેઓ હિજરત કરીને આવ્યા છે તેમનાથી પ્રેમભાવ રાખે છે, અને તે હિજરતીઓને જે કાંઇ આપવામાં આવે છે તે માટે પોતાના મનમાં જરાએ ઇચ્છા રાખતા નથી, અને પછી ભલેને તેમને પોતાને જરૂર (આવી પડી) હોય છતાં તેમને પોતાના પર વિશેષતા આપે છે; અને જે શખ્સ પોતાની સ્વભાવિક કંજૂસાઇથી બચ્યો તો તેઓજ સંપૂર્ણ ભલાઇ મેળવનારા છે.

وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا
وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ وَلَا تَجْعَلْ فِيْ قُلُوْبِنَا غِلًّا
لِّلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَآ اِنَّكَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۰﴾

(૧૦) અને (તેમનો પણ હક છે કે) જેઓ (મુહાજેરીન તથા અનસારોની) પછી અરજ કરતા આવ્યા કે અય અમારા પરવરદિગાર! તું અમારા તથા અમારા તે ભાઇઓના ગુનાહોને કે જેમણે ઇમાનમાં અમારાથી પહેલ કરી છે માફ કરી દે, અને અમારા દિલોમાં ઇમાનવાળાઓ પ્રત્યે કીનો રહેવા ન દે; અય અમારા પરવરદિગાર ખરેજ તું

મોટી મહેરબાની કરનારો (અને) મહા દયાવાન છો.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ نَافَقُوۡا يَقُوۡلُوۡنَ لِاِخۡوَانِهِمُ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ لَئِنۡ اُخۡرِجۡتُمۡ لَنَخۡرُجَنَّ مَعَكُمۡ وَلَا نُطِيۡعُ فِيۡكُمۡ اَحَدًا اَبَدًا ۙ وَّاِنۡ قُوۡتِلۡتُمۡ لَنَنۡصُرَنَّكُمۡ ؕ وَاللّٰهُ يَشۡهَدُ اِنَّهُمۡ لَكٰذِبُوۡنَ ۝١١

(૧૧) (અય રસૂલ !) શું તેં આ દાંભિકો તરફ નજર નથી નાખી કે જેઓ કિતાબ ધરાવનારાઓમાંથી નાસ્તિક થઇ જનારા પોતાના બંધુઓને કહે છે કે જો તમને કાઢી મૂકવામાં આવે તો અમે પણ તમારી સાથે જરૂર (ચાલી) નીકળીશું અને અમે

તમારા સંબંધમાં કદી પણ કોઇનું કાંઇ માનીશું નહિ, અને જો તમારી સાથે લડાઇ થશે તો પણ અમે જરૂર જરૂર તમારી મદદ કરીશું; જો કે અલ્લાહ સાક્ષી આપે છે કે તેઓ ખરેખરજ જૂઠા છે.

لَئِنۡ اُخۡرِجُوۡا لَا يَخۡرُجُوۡنَ مَعَهُمۡ‌ۚ وَلَئِنۡ قُوۡتِلُوۡا لَا يَنۡصُرُوۡنَهُمۡ‌ۚ وَلَئِنۡ نَّصَرُوۡهُمۡ لَيُوَلُّنَّ الۡاَدۡبَارَ ثُمَّ لَا يُنۡصَرُوۡنَ‏ ﴿۱۲﴾

(૧૨) જો તેઓ કાઢી મૂકાયા તો પણ આ (લોકો) તેમની સાથે હરગિજ નીકળશે નહિ, અને જો તેમની સાથે લડાઈ થાય તો પણ આ (લોકો) તેમની હરગિજ મદદ કરશે નહિ, અને કદાચને

તેમની મદદ કરશે તો પણ જરૂર તેઓ પીઠ ફેરવી નાસી જશે; અને પછી તેમની કાંઇ મદદ કરવામાં આવશે નહિ.

لَاَانْتُمْ اَشَدُّ رَهْبَةً فِيْ صُدُوْرِهِمْ مِّنَ اللّٰهِ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ
لَّا يَفْقَهُوْنَ ﴿١٣﴾

(૧૩) (અય મોઅમીનો!) ખરેખરજ તેમના મનમાં અલ્લાહ કરતાં વધારે તમારો ભય છવાઇ ગયો છે; આ એ માટે કે આ લોકો સમજ ધરાવતા નથી.

لَا يُقَاتِلُوْنَكُمْ جَمِيْعًا اِلَّا فِيْ قُرًى مُّحَصَّنَةٍ اَوْ مِنْ وَّرَآءِ جُدُرٍ ؕ
بَاْسُهُمْ بَيْنَهُمْ شَدِيْدٌ ؕ تَحْسَبُهُمْ جَمِيْعًا وَّقُلُوْبُهُمْ شَتّٰى ؕ
ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ۚ﴿١٤﴾

(૧૪) આ (લોકો) કદી પણ એકત્ર થઇને તમારી સાથે નહિ લડે, અને જો લડશે તો ફક્ત તેઓ કિલ્લેબંધ વસ્તીઓમાં રહીને, અથવા કિલ્લાની દિવાલોની આડમાં રહીને; તેમની લડાઇ તો આપસમાં જ ઘણી સખત છે; તમે તેમને સંગઠીત ધારો છો, પરંતુ તેમના મન (એકબીજાથી) જુદા છે; આ એ માટે કે તેઓ બુધ્ધિ ધરાવનારા લોકો નથી.

كَمَثَلِ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ قَرِيْبًا ذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۞١٥

(૧૫) તેમનો દાખલો તે લોકોના જેવો છે કે જેઓ હમણાં જ તેમની અગાઉ પોતાની કરણીઓના ખરાબ પરિણામની મજા (બદરના રણક્ષેત્રમાં)

ચાખી ચૂક્યા છે, અને (આખેરતમાં પણ) તેમનાં માટે દુઃખદાયક અઝાબ છે.

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾

(૧૬) અથવા તે (દાંભિકો)નો દાખલો શેતાનના જેવો છે કે જે ઇન્સાનને કહે છે કે તું નાસ્તિક થઇ જા, પછી જ્યારે તે નાસ્તિક બની જાય છે ત્યારે તે કહે છે કે ખરેખરજ હું તારાથી બેઝાર છું; બેશક હું સઘળી દુનિયાના પરવરદિગાર અલ્લાહથી ડરૂં છું.

فَكَانَ عَاقِبَتَهُمَآ اَنَّهُمَا فِي النَّارِ خَالِدَيْنِ فِيْهَا ؕ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿١٧﴾

(૧૭) જેથી તે બન્નેનું પરિણામ એ થયું કે તેઓ બન્ને જહન્નમમાં જશે, (અને) હંમેશા તેમાંજ રહેનારા થશે; અને ઝાલીમોનો બદલો છે પણ એજ.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ
وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۝١٨

(૧૮) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો; અને દરેક વ્યક્તિએ ધ્યાન રાખવું જોઇએ કે તે કાલ (કયામત)ના માટે શું મોકલી ચૂક્યો છે; અને અલ્લાહથી ડરો, બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ વાકેફ છે.

وَلَا تَكُوۡنُوۡا كَالَّذِيۡنَ نَسُوا اللّٰهَ فَاَنۡسٰىهُمۡ اَنۡفُسَهُمۡ ‌ؕ اُولٰٓـئِكَ هُمُ الۡفٰسِقُوۡنَ‏ ﴿۱۹﴾

(૧૯) અને તે લોકોના જેવા થઇ ન જાઓ કે જેઓ અલ્લાહને ભૂલી ગયા છે, જેથી અલ્લાહે પણ તેમના આત્માને ભૂલાવી દીધા છે; એજ લોકો આજ્ઞાભંગ કરનારા છે.

لَا يَسۡتَوِىۡۤ اَصۡحٰبُ النَّارِ وَاَصۡحٰبُ الۡجَـنَّةِ‌ ؕ اَصۡحٰبُ الۡجَـنَّةِ هُمُ الۡفَآٮِٕزُوۡنَ‏ ﴿۲۰﴾

(૨૦) જહન્નમવાસીઓ અને જન્નતવાસીઓ સમાન નથી; જન્નતવાસીઓ જ સફળતા પામનારા છે.

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا
مِّنْ خَشْيَةِ اللّٰهِ ۭ وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ
يَتَفَكَّرُوْنَ ﴿٢١﴾

(૨૧) જો અમે આ (કુરઆન)ને કોઇ એક પહાડ ઉપર ઉતારતે તો ખરેજ તું તે (પહાડ)ને અલ્લાહના ભયથી કકડભુસ થઇને કટકે કટકા થઇ જતો જોતે; અને આ દાખલા અમે સર્વે લોકો માટે વર્ણવીએ છીએ કે જેથી તેઓ ચિંતન કરે.

هُوَاللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ ۚ
هُوَالرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾

(૨૨) તે અલ્લાહ એજ છે કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી, તે છુપી તથા જાહેર (વાતો)નો જાણકાર છે, (અને) એજ દયાળુ (અને) દયાવાન છે.

هُوَاللّٰهُ الَّذِیۡ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلۡمَلِكُ الۡقُدُّوۡسُ السَّلٰمُ الۡمُؤۡمِنُ الۡمُهَيۡمِنُ الۡعَزِيۡزُ الۡجَبَّارُ الۡمُتَكَبِّرُ ؕ سُبۡحٰنَ اللّٰهِ عَمَّا يُشۡرِكُوۡنَ ﴿۲۳﴾

(૨૩) તે અલ્લાહ એ જ છે કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી, (તે) બાદશાહ છે, મહા પવિત્ર છે, સલામતી આપનાર છે, પનાહ આપનાર છે, નિગેહબાની કરનાર, પરમ સમર્થ, સર્વોપરી (અને)

મહીમાવાળો છે; (અને) જે જે વસ્તુઓને માણસો (તેની) શરીક બનાવે છે તે સઘળાથી અલ્લાહની જાત નિરાળી છે.

هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ يُسَبِّحُ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۲۴﴾

(૨૪) તે અલ્લાહ એ જ છે કે જે પેદા કરનાર, બનાવવનાર, ઘાટ ઘડનારો છે; સઘળા સારાં સારાં નામ તેના જ છે; આસમાનો તથા જમીનમાં જે કાંઇ પણ છે તે (સઘળાં) તેના જ વખાણ કરે છે, અને એજ બળવાન (અને) હિકમતવાળો છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَتَّخِذُوۡا عَدُوِّىۡ وَعَدُوَّكُمۡ اَوۡلِيَآءَ
تُلۡقُوۡنَ اِلَيۡهِمۡ بِالۡمَوَدَّةِ وَقَدۡ كَفَرُوۡا بِمَا جَآءَكُمۡ مِّنَ الۡحَـقِّۚ
يُخۡرِجُوۡنَ الرَّسُوۡلَ وَاِيَّاكُمۡ اَنۡ تُؤۡمِنُوۡا بِاللّٰهِ رَبِّكُمۡؕ اِنۡ
كُنۡتُمۡ خَرَجۡتُمۡ جِهَادًا فِىۡ سَبِيۡلِىۡ وَابۡتِغَآءَ مَرۡضَاتِىۡۖ
تُسِرُّوۡنَ اِلَيۡهِمۡ بِالۡمَوَدَّةِۖ وَاَنَا اَعۡلَمُ بِمَاۤ اَخۡفَيۡتُمۡ وَمَاۤ
اَعۡلَنۡتُمۡؕ وَمَنۡ يَّفۡعَلۡهُ مِنۡكُمۡ فَقَدۡ ضَلَّ سَوَآءَ السَّبِيۡلِ ۝١

(૧) અય ઇમાન લાવનારાઓ! તમે મારા શત્રુઓને તથા તમારા શત્રુઓને મિત્ર ન બનાવો, તમે તેમની સાથે પ્રેમથી મળો ભેટો છો, જો કે જે સત્ય તમારી પાસે આવ્યું તેનો તેઓ ઇન્કાર કરી ચૂક્યા છે, તેઓ તમને તથા રસૂલને એ માટેજ (તમારા દેશમાંથી) કાઢી મૂકે છે કે તમે અલ્લાહ (યાને) તમારા પરવરદિગાર પર ઇમાન રાખો છો; જો કે તમે મારી રાહમાં જેહાદ કરવા માટે તથા મારી ખુશી પ્રાપ્ત કરવા માટે (તમારા ઘરોમાંથી) નીકળો છો છતાં તમે તેમને છુપી (રીતે) મિત્રતાનો સંદેશો આપો છો (તેમ થવું ન જોઇએ), અને જે કાંઇ તમે સંતાડો છો અને જે કાંઇ તમે જાહેર કરો

છો તેનાથી હું સારી રીતે વાકેફ છું; અને તમારામાંથી જે કોઇ તેમ કરશે તે ખરેજ સન્માર્ગથી તદ્દન ભટકી જશે.

اِنۡ يَّثۡقَفُوۡكُمۡ يَكُوۡنُوۡا لَـكُمۡ اَعۡدَآءً وَّيَبۡسُطُوۡۤا اِلَيۡكُمۡ اَيۡدِيَهُمۡ وَاَلۡسِنَتَهُمۡ بِالسُّوۡٓءِ وَوَدُّوۡا لَوۡ تَكۡفُرُوۡنَ ؕ‏ ﴿۲﴾

(૨) જો તેઓ તમારા પર સત્તા મેળવે તો તમારા શત્રુ બની જશે, અને ઇજા પહોંચાડવાના હેતુથી તમારા તરફ પોતાના હાથ તથા જબાન લંબાવશે, અને એવું ઇચ્છશે કે તમે પણ (તેમના જેવા) નાસ્તિક બની જાઓ.

لَنۡ تَنۡفَعَكُمۡ اَرۡحَامُكُمۡ وَلَاۤ اَوۡلَادُكُمۡ‌ ۛ‌ۚ يَوۡمَ الۡقِيٰمَةِ ۛ‌ۚ

يَفۡصِلُ بَيۡنَكُمۡ‌ ؕ وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ بَصِيۡرٌ‏ ﴿۳﴾

(3) કયામતના દિવસે ન તમારા સગાંવહાલાં તમને કાંઇ લાભ પહોંચાડશે અને ન તમારા બાલબચ્ચાં; તે તમારી વચ્ચે (યોગ્ય) નિર્ણય કરશે અને જે કાંઇ કરણી તમે કરો છો તે અલ્લાહ જુએ છે.

قَدۡ كَانَتۡ لَـكُمۡ اُسۡوَةٌ حَسَنَةٌ فِىۡۤ اِبۡرٰهِيۡمَ وَالَّذِيۡنَ مَعَهٗ‌ ۚ اِذۡ

قَالُوۡا لِقَوۡمِهِمۡ اِنَّا بُرَءٰٓؤُا مِنۡكُمۡ وَمِمَّا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ

اللّٰهِ كَفَرۡنَا بِكُمۡ وَبَدَا بَيۡنَنَا وَبَيۡنَكُمُ الۡعَدَاوَةُ وَالۡبَغۡضَآءُ

اَبَدًا حَتّٰى تُؤْمِنُوْا بِاللّٰهِ وَحْدَهٗٓ اِلَّا قَوْلَ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ

لَاَسْتَغْفِرَنَّ لَكَ وَمَآ اَمْلِكُ لَكَ مِنَ اللّٰهِ مِنْ شَيْءٍ ۭ رَبَّنَا

عَلَيْكَ تَوَكَّلْنَا وَاِلَيْكَ اَنَبْنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ④

(૪) (અય મુસલમાનો!) તમારા માટે ઇબ્રાહીમ તથા તે લોકોમાં કે જેઓ તેની સાથે હતા (અનુકરણ કરવા જોગ) સારો નમૂનો મોજૂદ છે, જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું કે અમે તમારાથી તથા તે વસ્તુઓથી કે જેમની તમે અલ્લાહના સિવાય પૂજા કરો છો ખરેખરજ બેઝાર છીએ; અમે તમને અનુસરવાનો ઇનકાર કરીએ છીએ, અને જ્યાં સુધી તમે એકજ અલ્લાહ પર

ઇમાન નહિ લાવો ત્યાં સુધી અમારા અને તમારા વચ્ચે ખુલ્લે ખુલ્લી દુશ્મનાઇ અને કીનો હંમેશને માટે જાહેર થઇ ગયાં છે. પણ ઇબ્રાહીમે પોતાના પાલક પિતાને માત્ર એટલુંજ કહ્યું હતું કે હું તારા માટે ક્ષમાની દુઆ જરૂર કરીશ, જો કે તારા માટે અલ્લાહની હજૂરમાં હું કાંઇ પણ સત્તા તો ધરાવતો નથી; અય અમારા પરવરદિગાર! અમે તારા પરજ ભરોસો રાખીએ છીએ અને અમે તારી તરફ જ રજૂ થઇએ છીએ, અને છેવટનું પાછું ફરવું પણ તારી તરફ થશે.

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا وَاغْفِرْ لَنَا رَبَّنَا ۚ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٥

(૫) અય અમારા પરવરદિગાર ! અમને તે લોકો માટે કે જેઓ ઇમાન નથી લાવ્યા કસોટી (નું કારણ) ન બનાવ, અને અય અમારા પરવરદિગાર ! અમને માફ કરી દે, બેશક તું ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

لَقَدۡ كَانَ لَكُمۡ فِيۡهِمۡ اُسۡوَةٌ حَسَنَةٌ لِّمَنۡ كَانَ يَرۡجُوا اللّٰهَ
وَالۡيَوۡمَ الۡاٰخِرَ‌ ؕ وَمَنۡ يَّتَوَلَّ فَاِنَّ اللّٰهَ هُوَ الۡغَنِىُّ الۡحَمِيۡدُ ۝٦

(૬) ખરેજ તમારા માટે તે લોકો (ની વાતો)માં (અનુકરણ કરવા માટે) સારો નમૂનો છે, (ખાસ કરીને) તે લોકો માટે કે જેઓ અલ્લાહ તથા કયામતના દિવસની મુલાકાતની આશા રાખે છે;

પણ જે કોઇ મોઢું ફેરવશે તો અલ્લાહ પણ અવશ્ય બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

عَسَى اللّٰهُ اَنْ يَّجْعَلَ بَيْنَكُمْ وَبَيْنَ الَّذِيْنَ عَادَيْتُمْ مِّنْهُمْ مَّوَدَّةً ؕ وَاللّٰهُ قَدِيْرٌ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٧

(૭) એમાં નવાઇ નથી કે અલ્લાહ તમારી અને તે લોકોની વચ્ચે કે જેમની સાથે તમારી શત્રુતા છે મિત્રતા પેદા કરી દે, અને અલ્લાહ (તેમ કરવાને) તદ્દન શક્તિવાન છે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાવાન છે.

لَا يَنۡهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيۡنَ لَمۡ يُقَاتِلُوۡكُمۡ فِى الدِّيۡنِ وَلَمۡ
يُخۡرِجُوۡكُمۡ مِّنۡ دِيَارِكُمۡ اَنۡ تَبَرُّوۡهُمۡ وَتُقۡسِطُوۡۤا اِلَيۡهِمۡ‌ؕ اِنَّ
اللّٰهَ يُحِبُّ الۡمُقۡسِطِيۡنَ‏ ﴿۸﴾

(૮) જે લોકો દીનના સંબંધમાં તમારી સાથે લડ્યા નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા પણ નથી તેમની સાથે નેકી કરવા અને ન્યાયથી વર્તવાની અલ્લાહ તમને મનાઇ કરતો નથી; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને મિત્ર રાખે છે.

اِنَّمَا يَنۡهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيۡنَ قٰتَلُوۡكُمۡ فِى الدِّيۡنِ وَاَخۡرَجُوۡكُمۡ
مِّنۡ دِيَارِكُمۡ وَظٰهَرُوۡا عَلٰٓى اِخۡرَاجِكُمۡ اَنۡ تَوَلَّوۡهُمۡ‌ ۚ وَمَنۡ
يَّتَوَلَّهُمۡ فَاُولٰٓـئِكَ هُمُ الظّٰلِمُوۡنَ‏ ﴿۹﴾

(૯) અલ્લાહ તમને માત્ર તે લોકો સાથે મિત્રતા ધરાવવાની મનાઇ કરે છે કે જે તમારી સાથે દીનના સંબંધમાં લડ્યા, તથા તમને તમારા ઘરોમાંથી કાઢી મૂક્યા તથા તમને કાઢવામાં (બીજાઓના) મદદગાર બન્યા, છતાં જો તેવાઓને દોસ્ત રાખે તો તેઓજ (ખરેખરા) ઝુલમગાર છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا جَآءَكُمُ الۡمُؤۡمِنٰتُ مُهٰجِرٰتٍ
فَامۡتَحِنُوۡهُنَّ‌ ؕ اَللّٰهُ اَعۡلَمُ بِاِيۡمَانِهِنَّ‌ ۚ فَاِنۡ عَلِمۡتُمُوۡهُنَّ

مُؤْمِنٰتٍ فَلَا تَرْجِعُوْهُنَّ اِلَى الْكُفَّارِ ؕ لَا هُنَّ حِلٌّ لَّهُمْ وَلَا
هُمْ يَحِلُّوْنَ لَهُنَّ ؕ وَاٰتُوْهُمْ مَّآ اَنْفَقُوْا ؕ وَلَا جُنَاحَ عَلَيْكُمْ
اَنْ تَنْكِحُوْهُنَّ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ ؕ وَلَا تُمْسِكُوْا
بِعِصَمِ الْكَوَافِرِ وَاسْـَٔلُوْا مَآ اَنْفَقْتُمْ وَلْيَسْـَٔلُوْا مَآ اَنْفَقُوْا ؕ
ذٰلِكُمْ حُكْمُ اللّٰهِ ؕ يَحْكُمُ بَيْنَكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۱۰﴾

(૧૦) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે ઇમાન લાવનારી સ્ત્રીઓ હિજરત કરીને તમારી પાસે આવે તો તેમની પરીક્ષા કરી લો; અલ્લાહ તો તેમના ઇમાન (ની સ્થિતિ)થી સારી રીતે વાકેફ છે જ, પછી જો તમે પણ તેણીઓને ઇમાનદાર માની લો તો તેમને નાસ્તિકો તરફ પાછી મોકલો નહિ; (કારણ

કે) તે (ઇમાનદાર સ્ત્રી)ઓ ન તેમના માટે હલાલ છે અને ન તેઓ (નાસ્તિકો) આ (ઇમાનદાર સ્ત્રીઓ) માટે હલાલ છે; હા, અગર તેઓ કાંઇ ખર્ચ કરી ચૂક્યા હોય તો તે તેમને આપી દો, એવી સ્ત્રીઓને તમારા નિકાહમાં લેવામાં તમારા ઉપર કાંઇ દોષ નથી એ શરતે કે તમે તેમની મહેર આપી દો અને (નિકાહ કરવામાં) તેમના નાસ્તિકો સાથે થયેલા વિવાહના દસ્તાવેજોને બંધનકર્તા ગણો નહિ, અને તમે જે કાંઇ ખર્ચ કરી ચૂક્યા છો તે (તેમની પાસેથી) માંગી લો અને જે કાંઇ તેઓ ખરચી ચૂક્યા છે તે તેઓ તમારી પાસેથી માંગી લે; આ અલ્લાહની આજ્ઞા છે. તે તમારી વચ્ચે (આવી

રીતે) નિર્ણય કરે છે; અને અલ્લાહ મહા જ્ઞાની (તથા) હિકમતવાળો છે.

وَاِنْ فَاتَكُمْ شَيْءٌ مِّنْ اَزْوَاجِكُمْ اِلَى الْكُفَّارِ فَعَاقَبْتُمْ فَاٰتُوا الَّذِيْنَ ذَهَبَتْ اَزْوَاجُهُمْ مِّثْلَ مَآ اَنْفَقُوْا ۭ وَاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ⑪

(૧૧) અને અગર તમારી સ્ત્રીઓમાંથી કોઇ તમારા હાથમાંથી નીકળી નાસ્તિકો તરફ ચાલી જાય, પછી જ્યારે તમને લડાઈમાં માલે ગનીમત મળે તો જે લોકોની સ્ત્રીઓ ચાલી ગઇ હોય તેમને (તે ગનીમતના માલમાંથી) એટલું આપી દો જેટલું કે

તેઓ ખરચી ચૂક્યા છે; અને તે અલ્લાહથી ડરતા રહો કે જેના પર તમે ઇમાન રાખો છો.

يٰۤاَيُّهَا النَّبِىُّ اِذَا جَآءَكَ الْمُؤْمِنٰتُ يُبَايِعْنَكَ عَلٰٓى اَنْ لَّا

يُشْرِكْنَ بِاللّٰهِ شَيْـًٔا وَّلَا يَسْرِقْنَ وَلَا يَزْنِيْنَ وَلَا يَقْتُلْنَ

اَوْلَادَهُنَّ وَلَا يَاْتِيْنَ بِبُهْتَانٍ يَّفْتَرِيْنَهٗ بَيْنَ اَيْدِيْهِنَّ

وَاَرْجُلِهِنَّ وَلَا يَعْصِيْنَكَ فِىْ مَعْرُوْفٍ فَبَايِعْهُنَّ وَاسْتَغْفِرْ

لَهُنَّ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۲﴾

(૧૨) અય નબી ! જ્યારે ઇમાન લાવનારી સ્ત્રીઓ તારી પાસે એવી શરતે બયઅત કરવા આવે કે તેણીઓ ન કોઇ વસ્તુને અલ્લાહની શરીક બનાવશે, અને ન ચોરી કરશે, અને ન વ્યભિચાર કરશે, અને

ન પોતાની ઓલાદને મારી નાખશે, અને ન (પોતાના પતિઓ પર) પોતાના હાથ તથા પગની વચ્ચે (અર્થાત પોતાના મનમાંથી ઉપજાવી કાઢેલું) આળ ચઢાવશે, અને ન કોઇ વ્યાજબી કાર્યમાં તારી નાફરમાની કરશે તો તેમની બયઅત સ્વીકારી લે, અને તેમના સંબંધમાં અલ્લાહ પાસે ક્ષમા માંગ; નિસંદેહ અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાવાન છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَتَوَلَّوْا۟ قَوْمًا غَضِبَ ٱللَّهُ عَلَيْهِمْ قَدْ يَئِسُوا۟ مِنَ ٱلْءَاخِرَةِ كَمَا يَئِسَ ٱلْكُفَّارُ مِنْ أَصْحَٰبِ ٱلْقُبُورِ ﴿١٣﴾

(૧૩) અય ઇમાન લાવનારાઓ ! તે લોકો સાથે દોસ્તી ન કરો કે જેમના પર અલ્લાહ કોપાયમાન

થયો છે; તેઓ આખેરતથી એવા નિરાશ થઇ ગયા છે જેવા નાસ્તિકો મુડદા (ના સજીવન થવા)થી.

# سورة الصف / સૂરએ સફ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

سَبَّحَ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ۚ وَهُوَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ‏ ①

(૧) જે કાંઇ આસમાનોમાં છે અને જે કાંઇ જમીનમાં છે તે અલ્લાહની પવિત્રતા વર્ણવે છે, અને એજ પ્રબળ (અને) હિકમતવાળો છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لِمَ تَقُوۡلُوۡنَ مَا لَا تَفۡعَلُوۡنَ‏ ②

(૨) અય ઇમાન લાવનારાઓ ! તમે જે કરતા નથી તે મોંઢેથી શા માટે કહો છો?

كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْا مَا لَا تَفْعَلُوْنَ ۝٣

(3) અલ્લાહની પાસે આ વાત હદથી વધારે નાપસંદ છે કે જે તમે કરતા નથી તે કહો.

اِنَّ اللّٰهَ يُحِبُّ الَّذِيْنَ يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِهٖ صَفًّا كَاَنَّهُمْ بُنْيَانٌ مَّرْصُوْصٌ ۝٤

(૪) બેશક અલ્લાહ તે લોકોને દોસ્ત રાખે છે જેઓ તેની રાહમાં એવી રીતે હાર બાંધીને લડે છે જાણે તેઓ એક સીસું પાયેલી દિવાલ છે.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ لِمَ تُؤْذُوْنَنِيْ وَقَدْ تَّعْلَمُوْنَ اَنِّيْ
رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ ؕ فَلَمَّا زَاغُوْۤا اَزَاغَ اللّٰهُ قُلُوْبَهُمْ ؕ وَاللّٰهُ لَا
يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ۝۵

(૫) અને (તે સમયને યાદ કર) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અય મારી કોમ ! તમે મને શા માટે ઇજા પહોંચાડો છો? જો કે તમે આ જાણો છો કે ખરેજ હું તમારી તરફ અલ્લાહનો (મોકલેલો) રસૂલ છું; પછી જ્યારે તેમણે આડાઇ કરી તો અલ્લાહે પણ તેમના દિલોને વાંકા કરી નાખ્યા; અને અલ્લાહ આજ્ઞાભંગ કરનારી કોમની રાહબરી નથી કરતો.

وَاِذۡ قَالَ عِيۡسَى ابۡنُ مَرۡيَمَ يٰبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اِنِّىۡ رَسُوۡلُ اللّٰهِ
اِلَيۡكُمۡ مُّصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَىَّ مِنَ التَّوۡرٰٮةِ وَمُبَشِّرًۢا بِرَسُوۡلٍ
يَّاۡتِىۡ مِنۡۢ بَعۡدِى اسۡمُهٗۤ اَحۡمَدُ‌ ؕ فَلَمَّا جَآءَهُمۡ بِالۡبَيِّنٰتِ قَالُوۡا
هٰذَا سِحۡرٌ مُّبِيۡنٌ‏ ﴿۶﴾

(૬) અને (તે સમયને યાદ કર) જ્યારે મરિયમના પુત્ર ઇસાએ કહ્યું કે અય બની ઇસરાઇલ! બેશક હું તમો સર્વેની તરફ અલ્લાહનો રસૂલ (બનાવી મોકલવામાં આવ્યો) છું; તવરેત કે જે મારી પહેલાંની (કિતાબ) છે તેની સત્યતાને ટેકો આપનારો છું, અને એવા એક રસૂલની ખુશખબર આપનારો છું કે જે મારી પછી આવશે, જેનું નામ

અહમદ (સ.અ.વ.) હશે; પછી જ્યારે તે તેમની પાસે ખુલ્લી દલીલો લઇને આવ્યો ત્યારે તેમણે કહી દીધું કે આ તો ખુલ્લો જાદુ છે.

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُوَ يُدْعٰٓى اِلَى الْاِسْلَامِ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝٧

(૭) અને તેના કરતાં વધારે ઝાલિમ કોણ હશે જે અલ્લાહ પર જૂઠું આળ મૂકે, જો કે તે ઇસ્લામ તરફ બોલાવવામાં આવતો હોય; અને અલ્લાહ ઝુલમગાર કોમની રાહબરી નથી કરતો.

يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَاللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ۝٨

(૮) તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોંઢેથી (ફૂંકો મારી) ઓલવી નાખે; પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રહેનાર છે, પછી ભલેને નાસ્તિકોને ખોટું (કાં ન) લાગે !

هُوَالَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ ۙ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ۝٩

(૯) તે (અલ્લાહ) એજ તો છે જેણે પોતાના રસૂલને હિદાયત તથા સત્ય ધર્મ (ઇસ્લામ) સાથે મોકલ્યો કે જેથી તે તેને સઘળા ધર્મો પર પ્રબળ કરી દે, પછી ભલેને તે મુશરીકોને નાપસંદ લાગે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا هَلْ اَدُلُّكُمْ عَلٰى تِجَارَةٍ تُنْجِيْكُمْ مِّنْ
عَذَابٍ اَلِيْمٍ ﴿١٠﴾

(૧૦) અય ઇમાન લાવનારાઓ ! ભલા હું તમને એવો સોદો દેખાડું કે જે તમને (આખેરતના) દુ:ખદાયક અઝાબથી બચાવી લે?

تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُجَاهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِكُمْ
وَاَنْفُسِكُمْ ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿١١﴾

(૧૧) (તે સોદો આ છે કે) તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવો, અને અલ્લાહની રાહમાં તમારો માલ તથા જાનથી જેહાદ કરો; અગર સમજો તો આ તમારા માટે બહેતર છે:

يَغۡفِرۡ لَكُمۡ ذُنُوۡبَكُمۡ وَيُدۡخِلۡكُمۡ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا
الۡاَنۡهٰرُ وَمَسٰكِنَ طَيِّبَةً فِىۡ جَنّٰتِ عَدۡنٍ‌ؕ ذٰلِكَ الۡفَوۡزُ
الۡعَظِيۡمُ ۙ‏﴿۱۲﴾

(૧૨) અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમને જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નહેરો વહે છે, અને તે સ્વચ્છ મકાનોમાં (પહોંચાડશે) કે જે કાયમ રહેનારી જન્નતોમાં છે; એજ સૌથી મોટી સફળતા છે:

وَاُخۡرٰى تُحِبُّوۡنَهَا‌ ؕ نَصۡرٌ مِّنَ اللّٰهِ وَفَتۡحٌ قَرِيۡبٌ‌ ؕ وَبَشِّرِ
الۡمُؤۡمِنِيۡنَ‏ ﴿۱۳﴾

(૧૩) અને બીજી તે નેઅમતો (આપશે) જેને તમે અત્યંત પસંદ કરો છો; (યાને) અલ્લાહ તરફથી મદદ તથા જલ્દી આવનારો વિજય; અને (અય રસૂલ !) મોઅમીનોને ખુશખબર સંભળાવી દે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْٓا اَنْصَارَ اللّٰهِ كَمَا قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ لِلْحَوَارِيّٖنَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ فَاٰمَنَتْ طَّآئِفَةٌ مِّنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَكَفَرَتْ طَّآئِفَةٌ ۚ فَاَيَّدْنَا الَّذِيْنَ اٰمَنُوْا عَلٰى عَدُوِّهِمْ فَاَصْبَحُوْا ظٰهِرِيْنَ ﴿۱۴﴾

(૧૪) અય ઇમાન લાવનારાઓ! તમે અલ્લાહના મદદગાર બની જાઓ, જેમકે મરિયમના પુત્ર

ઇસાએ હવારીઓને ફરમાવ્યું હતું કે અલ્લાહના માટે મારા મદદગાર કોણ કોણ છે? ત્યારે હવારીઓએ જવાબ આપ્યો કે અલ્લાહના મદદગાર અમે છીએ. પછી બની ઇસરાઇલમાંથી એક ટોળું તો ઇમાન લાવ્યું અને એક ટોળાએ ઇન્કાર કર્યો; પછી અમોએ તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા હતા તેમની તેમના શત્રુઓ વિરૂદ્ધ સહાય કરી, જેથી તેઓ સબળ રહ્યા.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

یُسَبِّحُ لِلّٰہِ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الۡاَرۡضِ الۡمَلِکِ الۡقُدُّوۡسِ الۡعَزِیۡزِ الۡحَکِیۡمِ ①

(૧) આસમાનોમાં જે કાંઇ છે તથા જમીનમાં જે કાંઇ છે તે અલ્લાહની તસ્બીહ કરે છે કે જે (અલ્લાહ) બાદશાહ છે, પરમ પવિત્ર છે, ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

هُوَ الَّذِیْ بَعَثَ فِی الْاُمِّیّٖنَ رَسُوْلًا مِّنْهُمْ یَتْلُوْا عَلَیْهِمْ اٰیٰتِهٖ
وَیُزَکِّیْهِمْ وَیُعَلِّمُهُمُ الْکِتٰبَ وَالْحِکْمَةَ ٭ وَاِنْ کَانُوْا مِنْ قَبْلُ
لَفِیْ ضَلٰلٍ مُّبِیْنٍ ۙ﴿۲﴾

(૨) તે અલ્લાહે મક્કાવાળાઓમાં એક રસૂલને મોકલાવ્યા, જે તેઓમાંથી જ હતા, તેમની સામે આયતો પઢીને સંભળાવે તથા તેમના નફ્સોને પાક કરે, અને તેમને કિતાબ તથા હિકમતની તાલિમ આપે, જો કે તે લોકો ખુલ્લી ગુમરાહીમાં ઘેરાયેલા હતા.

وَّاٰخَرِیْنَ مِنْهُمْ لَمَّا یَلْحَقُوْا بِهِمْ ؕ وَهُوَ الْعَزِیْزُ الْحَکِیْمُ ﴿۳﴾

(3) અને તેઓમાંથી બીજાઓને પણ જે હજી તેમને આવી મળ્યા નથી; અને તે ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

ذٰلِكَ فَضۡلُ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الۡفَضۡلِ الۡعَظِيۡمِ ۝٤

(૪) આ તો અલ્લાહની મહેરબાની છે. જેને ચાહે છે આપે છે; અને અલ્લાહ મહાન મહેરબાન છે.

مَثَلُ الَّذِيۡنَ حُمِّلُوا التَّوۡرٰىةَ ثُمَّ لَمۡ يَحۡمِلُوۡهَا كَمَثَلِ الۡحِمَارِ يَحۡمِلُ اَسۡفَارًا ؕ بِئۡسَ مَثَلُ الۡقَوۡمِ الَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِ اللّٰهِ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ۝٥

(૫) તે લોકોનો દાખલો કે જેમના પર તવરેત (ના શિક્ષણ અને અમલ)નો બોજો નાખવામાં આવ્યો હતો, પણ જેમણે તેનો ભાર ઊંચક્યો નહિ તેમનો દાખલો તે ગધેડાના જેવો છે કે જેણે કિતાબોનો બોજો ઉપાડેલો હોય; તે લોકોની સરખામણી કે જેમણે અલ્લાહની આયતોને જૂઠલાવી હોય કેવી બૂરી છે ? અને અલ્લાહ ઝુલમગાર કોમોની રાહબરી નથી કરતો.

قُلْ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ هَادُوٓا۟ إِن زَعَمْتُمْ أَنَّكُمْ أَوْلِيَآءُ لِلَّهِ مِن دُونِ
ٱلنَّاسِ فَتَمَنَّوُا۟ ٱلْمَوْتَ إِن كُنتُمْ صَٰدِقِينَ ⑥

(૬) (અય રસૂલ !) તું કહે કે અય યહૂદીઓ ! જો તમે એવું ગુમાન કરો છો કે તમેજ અલ્લાહના

દોસ્ત છો અને બીજા કોઇ લોકો નથી તો જો તમે (તમારા આ ગુમાનમાં) સાચા હો તો મોત માંગી લો.

وَلَا يَتَمَنَّوْنَهٗۤ اَبَدًۢا بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ۝٧

(૭) પરંતુ (આ) પહેલાં તેમના હાથ જે કામો કરી ચૂક્યા છે તેના લીધે આ (લોકો) તેની ઇચ્છા કદી પણ કરશે નહિ; અને અલ્લાહ આ ઝાલિમોથી સારી રીતે વાકેફ છે.

قُلْ اِنَّ الْمَوْتَ الَّذِيْ تَفِرُّوْنَ مِنْهُ فَاِنَّهٗ مُلٰقِيْكُمْ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝٨

(૮) (અય રસૂલ !) તું કહે, તે મોત કે જેનાથી તમે નાસતા ફરો છો તે તમારી અવશ્ય મુલાકાત કરનાર છે, પછી તમે છુપી તથા જાહેર (વાતો)ના જાણકાર (અલ્લાહ)ની હજૂરમાં પાછા ફેરવવામાં આવશો. પછી જે કામો તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا نُوۡدِىَ لِلصَّلٰوةِ مِنۡ يَّوۡمِ الۡجُمُعَةِ فَاسۡعَوۡا اِلٰى ذِكۡرِ اللّٰهِ وَذَرُوا الۡبَيۡعَ‌ ؕ ذٰ لِكُمۡ خَيۡرٌ لَّـكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ‏ ﴿۹﴾

(૯) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે જુમ્આના દિવસે (જુમ્આની) નમાઝ માટે પોકારવામાં આવે

તો તમે અલ્લાહની યાદ (માટે મસ્જિદ) તરફ દોડી જાઓ, અને લેણદેણ પડતું મૂકો; અગર તમે સમજતા હો તો આ તમારા માટે બહેતર છે.

فَاِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوْا فِي الْاَرْضِ وَابْتَغُوْا مِنْ
فَضْلِ اللّٰهِ وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝١٠

(૧૦) પછી જ્યારે નમાઝ પૂરી થઇ જાય તો જમીનમાં ફેલાઇ જાઓ, અને અલ્લાહની મહેરબાની (રોઝી)ના ઇચ્છનારાઓ થાઓ, અને અલ્લાહને વિશેષ (પ્રમાણમાં) યાદ કરો કે કદાચને તમે સફળતા મેળવો.

وَاِذَا رَاَوۡا تِجَارَةً اَوۡ لَهۡوَاۨ انۡفَضُّوۡۤا اِلَيۡهَا وَتَرَكُوۡكَ قَآٮِٕمًا ؕ قُلۡ
مَا عِنۡدَ اللّٰهِ خَيۡرٌ مِّنَ اللَّهۡوِ وَمِنَ التِّجَارَةِ ؕ وَاللّٰهُ خَيۡرُ
الرّٰزِقِيۡنَ ﴿۱۱﴾

(૧૧) અને જ્યારે તેઓ કોઇ વેપારની અથવા રમત ગમતની વાત જુએ છે તો તેઓ (નમાઝને પડતી મૂકી) તેની તરફ દોડી જાય છે, અને તને (નમાઝ પઢતો) ઉભો છોડી જાય છે; (અય રસૂલ!) તું કહે કે જે કાંઇ અલ્લાહ પાસે છે તે આ ખેલકૂદ અને વેપાર કરતાં બહેતર છે; અને અલ્લાહ સર્વે રોઝી આપનારાઓ કરતાં ઉત્તમ (રોઝી) આપનારો છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

اِذَا جَآءَكَ الۡمُنٰفِقُوۡنَ قَالُوۡا نَشۡهَدُ اِنَّكَ لَرَسُوۡلُ اللّٰهِ‌ ۘ وَاللّٰهُ
يَعۡلَمُ اِنَّكَ لَرَسُوۡلُهٗ ؕ وَاللّٰهُ يَشۡهَدُ اِنَّ الۡمُنٰفِقِيۡنَ لَكٰذِبُوۡنَ‌ۚ ﴿۱﴾

(૧) (અય રસૂલ !) જે વખતે દાંભિકો તારી પાસે આવે છે ત્યારે કહે છે કે અમે સાક્ષી આપીએ છીએ કે બેશક તું અલ્લાહનો રસૂલ છે; અને અલ્લાહ તો જાણે છે જ કે બેશક તું તેનો રસૂલ છે; પરંતુ અલ્લાહ આ (વાતની) સાક્ષી આપે છે કે આ દાંભિકો (તેમ કહેવામાં) અવશ્ય જૂઠા છે.

اِتَّخَذُوْۤا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنَّهُمْ سَآءَ
مَا كَانُوْا يَعْمَلُوْنَ ②

(૨) તેમણે પોતાની (જૂઠી) પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવી લીધી છે, જેથી લોકોને અલ્લાહના માર્ગથી અટકાવે; બેશક જે વર્તન તેઓ કરે છે તે ઘણુંજ બૂરૂં છે.

ذٰلِكَ بِاَنَّهُمْ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا فَطُبِعَ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا
يَفْقَهُوْنَ ③

(3) આ એ માટે કે તેઓ (જાહેરમાં) ઇમાન લાવ્યા, અને પાછા નાસ્તિક બની ગયા; હવે તેમના દિલો

પર મહોર મારી દેવામાં આવી છે, જેથી તેઓ કાંઇ પણ સમજતા નથી.

وَاِذَا رَاَيۡتَهُمۡ تُعۡجِبُكَ اَجۡسَامُهُمۡ‌ؕ وَاِنۡ يَّقُوۡلُوۡا تَسۡمَعۡ لِقَوۡلِهِمۡ‌ؕ كَاَنَّهُمۡ خُشُبٌ مُّسَنَّدَةٌ‌ ؕ يَحۡسَبُوۡنَ كُلَّ صَيۡحَةٍ عَلَيۡهِمۡ‌ ؕ هُمُ الۡعَدُوُّ فَاحۡذَرۡهُمۡ‌ ؕ قٰتَلَهُمُ اللّٰهُ‌ اَنّٰى يُؤۡفَكُوۡنَ ۝٤

(૪) અને જ્યારે તું તેમને જુએ તો તેમનાં (બાહ્ય) શરીર તને સારાં દેખાશે; અને જો તેઓ વાતો કરે તો તું તેમની વાતો (ધ્યાન દઇ) સાંભળશે; (પણ) તેઓ (જ્ઞાન અને સાનથી) એવા (ખાલી) છે જેવા કે કપડાં પહેરાવી ભીંતને અડકાડી ઉભા કરેલા

લાકડાના ઢીમચાં, તેઓ દરેક ચીસને એવી ધારે છે કે તેમની જ વિરૂદ્ધ છે; એજ (તારા) દુશ્મન છે, માટે તેમનાથી સાવચેત રહે; અલ્લાહ તેમને ગારત કરે; તેઓ ક્યાં બહેકી જાય છે?

وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُولُ اللهِ لَوَّوْا
رُءُوسَهُمْ وَرَأَيْتَهُمْ يَصُدُّونَ وَهُمْ مُّسْتَكْبِرُونَ۝٥

(૫) જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, અલ્લાહનો રસૂલ તમારા માટે ક્ષમાની દુઆ કરે તો તેઓ પોતાના માથાં ફેરવી લે છે, અને તું તેમને જોશે કે તેઓ અભિમાનમાં પીઠ ફેરવી ચાલ્યા જાય છે.

سَوَآءٌ عَلَيۡهِمۡ اَسۡتَغۡفَرۡتَ لَهُمۡ اَمۡ لَمۡ تَسۡتَغۡفِرۡ لَهُمۡ ؕ لَنۡ
يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ؕ اِنَّ اللّٰهَ لَا يَهۡدِى الۡقَوۡمَ الۡفٰسِقِيۡنَ ۞٦

(૬) (માટે) તું તેમના હકમાં ક્ષમાની દુઆ માંગે યા ન માંગે એ સરખું જ છે; અલ્લાહ હરગિજ તેમના ગુનાહ માફ કરશે નહિ; બેશક અલ્લાહ આજ્ઞાભંગ કરનારા લોકોની રાહબરી નથી કરતો.

هُمُ الَّذِيۡنَ يَقُوۡلُوۡنَ لَا تُنۡفِقُوۡا عَلٰى مَنۡ عِنۡدَ رَسُوۡلِ اللّٰهِ حَتّٰى
يَنۡفَضُّوۡا ؕ وَلِلّٰهِ خَزَآئِنُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَلٰكِنَّ الۡمُنٰفِقِيۡنَ
لَا يَفۡقَهُوۡنَ ۞٧

(૭) આ એજ (લોકો) છે કે જેઓ (અન્સારોને) કહે છે કે અલ્લાહના રસૂલ પાસે જે (મુહાજેરીન) લોકો

છે તેમના પર તમારા નાણાં ખરચો નહિ, અહીં સુધી કે તેઓ (કંટાળીને) વિખરાઇ જાય; જો કે આસમાનો તથા જમીનના ખજાના અલ્લાહના જ છે, પણ દાંભિકો તે સમજતા નથી.

يَقُوْلُوْنَ لَئِنْ رَّجَعْنَآ اِلَى الْمَدِيْنَةِ لَيُخْرِجَنَّ الْاَعَزُّ مِنْهَا الْاَذَلَّ ؕ وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ ۝٨

(૮) તેઓ કહે છે કે જો અમે મદીના પાછા ફરીને જઇએ તો ત્યાંના આબરૂદાર લોકો ત્યાંના ઝલીલ (લોકો)ને જરૂર જરૂર કાઢી મૂકશે; જો કે ખરેખરી ઇઝઝત અલ્લાહના માટે છે, અને તેના રસૂલના

માટે. અને મોઅમીનો માટે; પરંતુ મુનાફિકો તે જાણતા નથી.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُلْهِكُمْ اَمْوَالُكُمْ وَلَآ اَوْلَادُكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓىِٕكَ هُمُ الْخٰسِرُوْنَ ۝٩

(૯) અય ઇમાન લાવનારાઓ ! (ખબરદાર !) તમને અલ્લાહની યાદથી ન તમારી સંપતિ ગાફીલ કરવા પામે ન તમારી સંતતિ. અને જે એવું કરશે તેઓજ હાનિ ભોગવનારા છે.

وَاَنْفِقُوْا مِنْ مَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ اَحَدَكُمُ الْمَوْتُ فَيَقُوْلَ رَبِّ لَوْلَآ اَخَّرْتَنِيْٓ اِلٰٓى اَجَلٍ قَرِيْبٍ ۙ فَاَصَّدَّقَ وَاَكُنْ مِّنَ الصّٰلِحِيْنَ ۝١٠

(૧૦) અને અમોએ તમને જે આપ્યું છે તેમાંથી કાંઇક (અમારી રાહમાં) ખરચ કરો એ પહેલાં કે તમારામાંથી કોઇનું મોત આવી પહોંચે, પછી તે કહેવા લાગે કે અય મારા રબ! તેં મને બીજી થોડીક મોહલત કેમ ન આપી કે જેથી હું દાનધર્મ કરતે અને હું નેક બંદાઓ માંનો થઇ જાત?

وَلَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا ؕ وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ؑ﴿۱۱﴾

(૧૧) અને અલ્લાહ કોઇ જીવને જ્યારે કે તેનું મોત આવી જશે હરગિજ મોહલત નહિ આપે; અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

يُسَبِّحُ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ۚ لَـهُ الۡمُلۡكُ وَلَـهُ الۡحَمۡدُ‌ۖ وَهُوَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ①

(૧) જે કાંઇ આસમાનોમાં છે અને જે કાંઇ જમીનમાં છે તે અલ્લાહ (ના નામ)ની તસ્બીહ કરે છે, હુકૂમત તેની જ છે, અને દરેક પ્રકારના વખાણ તેનાજ માટે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

هُوَالَّذِىْ خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝٢

(૨) તે એજ છે જેણે તમને પેદા કર્યા, પછી તમારામાંથી કોઇ તો નાસ્તિક છે અને તમારામાંથી કોઇ મોઅમીન છે; અને તમે જે કાંઇ કરો છો તે અલ્લાહ જુએ છે.

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ وَصَوَّرَكُمْ فَاَحْسَنَ صُوَرَكُمْ ۚ وَاِلَيْهِ الْمَصِيْرُ ۝٣

(3) તેણે આસમાનો તથા જમીન સત્ય હેતુ પૂર્વક સર્જયા છે; અને તેણેજ તમારી આકૃતિઓ બનાવી

પછી તમારી આકૃતિઓ (બનાવી તે) સુંદર બનાવી છે, અને છેવટનું ફરવું પણ તેનીજ તરફ થશે.

يَعۡلَمُ مَا فِي السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَيَعۡلَمُ مَا تُسِرُّوۡنَ وَمَا تُعۡلِنُوۡنَ ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ ﴿۴﴾

(૪) જે કાંઇ આસમાનોમાં છે તેને તે સારી રીતે જાણે છે, અને જે કાંઇ જમીનમાં છે તેને પણ; અને તમે જે કાંઇ સંતાડો છો તેને જાણે છે, અને તમે જે કાંઇ જાહેર કરો છો તેને પણ; અને અલ્લાહ મનની વાતોથી પણ ખૂબ વાકેફ છે.

اَلَمۡ يَاۡتِكُمۡ نَبَؤُا الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ قَبۡلُ ۫ فَذَاقُوۡا وَبَالَ اَمۡرِهِمۡ وَلَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۵﴾

(૫) શું તમારી પાસે તે લોકોની હકીકત નથી પહોંચી કે જેમણે અગાઉ નાસ્તિકપણું કર્યું હતું ? જેથી તેમણે પોતાની કરણીના માઠાં પરિણામની (દુનિયામાં) મજા ચાખી, અને (વળી) આખેરતમાં તેમના માટે દુઃખદાયક અઝાબ પણ છે.

ذٰلِكَ بِاَنَّهٗ كَانَتْ تَّاْتِيْهِمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَقَالُوْٓا اَبَشَرٌ يَّهْدُوْنَنَا ۡ فَكَفَرُوْا وَتَوَلَّوْا وَّاسْتَغْنَى اللّٰهُ ؕ وَاللّٰهُ غَنِيٌّ حَمِيْدٌ ۝٦

(૬) આ એ કારણે કે તેમના રસૂલ તેમની પાસે ખુલ્લી દલીલો લઇને આવતા હતા પણ તેઓ કહેતા હતા કે શું (અમારા જેવા) માણસો અમને હિદાયત કરશે ? જેથી તેઓ ઇમાન ન લાવ્યા અને મોંઢું ફેરવી લીધું, અને અલ્લાહે પણ તેમની

દરકાર કરી નહિ; અને અલ્લાહ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

زَعَمَ الَّذِيْنَ كَفَرُوْٓا اَنْ لَّنْ يُّبْعَثُوْا ؕ قُلْ بَلٰى وَرَبِّيْ لَتُبْعَثُنَّ ثُمَّ لَتُنَبَّؤُنَّ بِمَا عَمِلْتُمْ ؕ وَذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ⑦

(૭) જે લોકો નાસ્તિક છે તેઓ એવું ગુમાન કરે છે કે તેઓ હરગિજ ઉઠાડવામાં નહિ આવે; (અય રસૂલ!) તું કહે કે અલબત્ત, મારા પરવરદિગારની કસમ ! તમે અવશ્ય ઉઠાડવામાં આવશો, પછી તમે જે કાંઇ કરી ચૂક્યા છો તેનાથી તમને જરૂર વાકેફ કરવામાં આવશે; અને આ વાત અલ્લાહના માટે તદ્દન સહેલી છે.

فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالنُّوْرِ الَّذِیْٓ اَنْزَلْنَا ؕ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ خَبِیْرٌ ﴿۸﴾

(૮) માટે અલ્લાહ પર તથા તેના રસૂલ પર તથા તે નૂર (કુરઆન) પર કે જેને અમોએ ઉતાર્યું છે ઇમાન લાવો અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે માહિતગાર છે.

یَوْمَ یَجْمَعُكُمْ لِیَوْمِ الْجَمْعِ ذٰلِكَ یَوْمُ التَّغَابُنِ ؕ وَمَنْ یُّؤْمِنْۢ
بِاللّٰهِ وَیَعْمَلْ صَالِحًا یُّكَفِّرْ عَنْهُ سَیِّاٰتِهٖ وَیُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِیْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَآ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِیْمُ ﴿۹﴾

(૯) ભેગાં કરવાના દિવસે તે તમને ભેગાં કરશે, એજ તો હાર જીતનો દિવસ હશે; અને જે અલ્લાહ

પર ઇમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તે (અલ્લાહ) પણ તેની બદીઓ તેનાથી ટાળી દેશે. અને તેને જન્નતોમાં દાખલ કરશે. જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં સદાના રહેનારા થશે; એ જ મહાન સફળતા છે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓىِٕكَ اَصْحٰبُ النَّارِ خٰلِدِيْنَ
فِيْهَا ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٠﴾

(૧૦) અને જે લોકો ઇમાન નથી લાવતા અને અમારી આયતો જૂઠલાવે છે તેઓ જહન્નમીઓ છે, તેમાં તેઓ સદાના રહેનારા થશે, અને એજ સૌથી ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે.